# સંપાદકીય


## પાકિસ્તાનનો અવળો પડતો દાવ

ભારત દ્વારા જમ્મુ-કાશ્મીર રાજ્યનો વિશેષ દરજ્જો ખતમ કરવાથી વિશેષ રાજનયનાં કેટલાંય સમીકરણ બદલાઈ ગયાં છે. તેમાં એક મોટો બદલાવ ભારત-પાકિસ્તાન સંબંધ અને કાશ્મીરની સમસ્યાને જોવાના દુનિયાના દૃષ્ટિકોણમાં આવ્યો છે. ગત દિવસોમાં આ મામલો એ સમયે વિવાદમાં આવી ગયો હતો, જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એમ કહીને બધાને ચોંકાવી દીધા હતા કે ભારતીય વડાપ્રધાને તેમને કાશ્મીર મામલે મધ્યસ્થતાનો આગ્રહ કર્યો હતો. ભારત તરફથી તેનું જોરદાર ખંડન એ સમયે જ થઈ ગયું હતું. ભારતની આ જૂની નીતિ રહી છે કે કાશ્મીર સમસ્યાને ભારત-પાકિસ્તાનની પરસ્પર વાતચીતથી જ ઉકેલી શકાશે અને તેમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા નહીં હોય. તેને લઈને બંને દેશો વચ્ચે શિમલા સમજૂતી પણ થઈ ચૂકી છે અને બાદમાં લાહોર ઘોષણામાં પણ તેને દોહરાવવામાં આવી. તેથી એ વાતની કોઈ સંભાવના નથી કે ભારતના વડાપ્રધાન કે કોઈપણ અન્ય પ્રતિનિધિ એવી વાત કરે. જોકે બાદમાં ખબર પડી કે આ વાત મુખ્ય રૂપે પાકિસ્તાનને ખુશ કરવા માટે કહેવામાં આવી હતી. અમેરિકા વહેલી તકે પોતાની ફોજને અફઘાનિસ્તાનથી પાછી બોલાવવા માંગે છે અને તેના માટે તે હાલમાં તાલિબાની જૂથો સાથે વાત પણ કરી રહ્યું છે, અમેરિકાને ખબર છે કે આ કામ પાકિસ્તાનની મદદ વિના નહીં કરી શકાય. પરંતુ જ્યારે જોરદાર ખંડન થઈ ગયું, તો ખુદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એમ કહ્યું કે મધ્યસ્થતાનો મામલો હાલમાં તેની મેજ પર નથી, જ્યાં સુધી બંને દેશો ન ઈચ્છે, મધ્યસ્થતાનો સવાલ જ નથી. હવે એ જ વાતને લઈને ફરી એક વખત ભારતના રાજદૂત હર્ષવર્ધન શૃંગલાએ દોહરાવી છે, તો તેની સાથે જ એ વાત પણ ઉમેરી દીધી કે ખુદ અમેરિકાની દાયકાઓ જૂની નીતિ એ જ રહી છે કે કાશ્મીર મુદ્દે મધ્યસ્થતા નહીં થાય. અમેરિકાની એક સમાચાર ચેનલ સાથે વાતચીતમાં ભારતીય રાજદૂતનું આ નિવેદન એ સમયે વધુ મહત્ત્વપૂર્ણ થઈ ગયું, જ્યારે કાશ્મીર મુદ્દાને આંતરરાષ્ટ્રીય સ્તર પર ઉઠાવવાની વાત કરનાર પાકિસ્તાન ખુદ તેની સીમાઓ સમજવા લાગ્યું. કલમ ૩૭૦ હટાવવાના ભારતના નિર્ણય બાદ શરૂઆતમાં પાકિસ્તાન એમ જ કહેતું રહ્યું કે તે આ મામલે આંતરરાષ્ટ્રીય મંચો પર લઈ જશે અને ભારતને અલગ પાડવાની કોશિશ કરશે, પરંતુ હવે તેના સૂર પણ બદલાવા લાગ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશીનું નિવેદન પણ મહત્ત્વપૂર્ણ છે, જેમાં તેમણે સ્વીકાર્યું કે સંયુક્ત રાષ્ટ્ર પાસે તેમને બહુ વધારે મદદ નથી મળવાની. તેમણે એમ પણ કહ્યું કે ઈસ્લામી દેશ પણ આ મામલે ભારતનો વિરોધ કરશે તેવી આશા નથી. ચીન ખુદ અત્યારે હોંગકોંગ મુદ્દે પરેશાનીમાં છે. એવામાં, પાકિસ્તાન આ સદાબહાર દોસ્ત પાસે પણ આશા ગુમાવતું જાય છે. ભારતે ત્યારે પગલું ભર્યું છે જ્યારે પાકિસ્તાન આતંકવાદ મુદ્દે ઊંડે સુધી ધસેલું છે. એક તરફ તેની આર્થિક હાલત ખસ્તા છે, બીજી તરફ આતંકવાદના ફાઇનાન્સિંગ મામલે તે ગ્રે યાદીમાંથી બહાર આવવા તરફડી રહ્યું છે. આ ધારણાને આખી દુનિયા અપનાવી રહી છે કે કાશ્મીરનો આતંકવાદ તેની જ દેન છે. તેથી ભારતે જ્યારે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો ખતમ કર્યો છે ત્યારે પાકિસ્તાન ખુદને જ એકલું જોઈ રહ્યું છે.

# ગાંધીવાદ તરફ પાછા ફરવાની જરૂર

આજે આપણે આઝાદીની ૭૩મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છીએ. આ અવસરે સ્વતંત્રતા અપાવનારા સેનાનીઓનું સ્મરણ જ સ્વાભાવિક રૂપે કરવામાં આવે. એ પણ એક સંયોગ છે કે આ વર્ષે બે ઓક્ટોબરે આઝાદીના સૌથી મોટા નાયક માનવામાં આવતા મહાત્મા ગાંધીના જન્મનાં ૧૫૦ વર્ષ પૂરાં થશે. તેના ઉપલક્ષમાં અનેક સંસ્થાઓએ ગાંધીના સમયનાં મૂલ્યો, સ્વતંત્રતા બાદના ભારતની સંકલ્પનાઓને સાકાર થવાની સ્થિતિ તથા દેશમાં જનતંત્રના સ્વરૂપ પર વિચાર-વિમર્શ આયોજિત કર્યા. સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. ૧૫ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીજીના જન્મનાં ૧૫૦ વર્ષ પૂરાં થવા પર દેશ તરફથી તેમને સ્વચ્છ ભારતની સોગાદ આપવાનો સંકલ્પ લીધો હતો. પહેલાં તો સાંભળીને લોકોને અચંબો થયો, પરંતુ ધીમે-ધીમે સ્વચ્છતાના મહત્ત્વને સમજવામાં આવ્યું. બહુ ઉત્સાહથી શૌચાલયોનું નિર્માણ કાર્ય આખા દેશમાં થયું. આજે ૨૭ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો ખુલ્લામાં શૌચથી મુક્ત છે અને ૯૮.૬ ટકા પરિવારોને શૌચાલય ઉપલબ્ધ છે. સ્વચ્છતા મહાત્મા ગાંધીને અત્યંત પ્રિય હતી. તેઓ આ સોગાદથી પ્રસન્ન અવશ્ય થાત, પરંતુ હજુ તેના પર ઘણું બધું કરવાનું બાકી છે. થોડા દિવસ પહેલાં ઓડિશાના ગ્રામીણ સ્કૂલો પર સંશોધન કરનારા એક અધ્યેતાએ જોયું કે મોટી સંખ્યામાં ગામડાંમાં શૌચાલય બન્યાં છે, પરંતુ તેને ઉપયોગમાં બહુ ઓછાં લેવાય છે. સરકારી સ્કૂલોમાં પણ આ જ સ્થિતિ છે. નરેન્દ્ર મોદીની કર્મઠતા અને જીવનશૈલીનો પ્રભાવ પ્રશાસનના અંતિમ છેડા સુધી તો પહોંચે છે અને તેના પરિણામસ્વરૂપ શૌચાલય ફક્ત કાગળો પર નથી બન્યાં, પરંતુ તેના નિર્માણમાં જે ગુણવત્તાનું સ્તર અપેક્ષિત હતું, તેમાં





ખામી રહી હશે. હવે લોકો સરકારી નાણાંના અપવ્યયને જોઈને ફરિયાદ નથી કરતા. તેને સામાન્ય માની લેવાયું છે. આ ચિંતાનો વિષય છે. મહાત્મા ગાંધીના જીવનકાળમાં જ તેમના આદર્શ દેશભરમાં પહોંચી ચૂક્યા હતા. એ સમયે જો એવા કોઈ કાર્યમાં થોડું પણ ક્ષરણ હોત તો લોકો સશક્ત વિરોધ કરતા. જો તે જીવનમૂલ્યો નષ્ટ ન થઈ ગયાં હોત તો સંભવતઃ સ્વચ્છ ભારતની સંકલ્પના આ વર્ષોમાં સાચું રૂપ લઈ ચૂકી હોત, જેના પર આખું વિશ્વ આશ્ચર્ય કરતું. સ્વચ્છતા જરૂરી છે, પરંતુ બીજું પણ ઘણું ફરીથી મેળવવાનું છે. આજે પણ દેશમાં તમામ લોકો રાષ્ટ્રના કાર્યમાં એ આશા સાથે જોડાયેલા છે કે આ દેશ મહાત્મા ગાંધીના મૂલ્યોથી ખુદને ક્યારેય અલગ ન કરી શક્યો. નરેન્દ્ર મોદીનો સ્વચ્છતા-વિચાર એનું જ એક ઉદાહરણ છે. મહાત્મા ગાંધીના વિચારોને અપનાવનારા લોકો પણ દરેક ક્ષેત્રમાં કાર્યરત છે. તેમની સંખ્યા કેવી રીતે વધે, તેમનો વિશ્વાસ કેવી રીતે વધે અને તેમના તરફ વધુને વધુ લોકો કેવી રીતે આકર્ષિત થાય, તેના પર પણ આજે ચર્ચા થવી જોઈએ.

ભારતીય પ્રશાસનિક સેવાના નામચીન અધિકારી રહેલા મહેશ નીલકંઠ બુચનું પ્રકાશિત સંકલન વર્તમાન સ્થિતિ સુધી પહોંચવાનાં કારણોનું એક અત્યંત સૂ-મ વિશ્લેષણ પ્રસ્તુત કરે છે. સાથે જ એ સંભાવનાઓને પણ ચિહ્નિત કરે છે જે રાષ્ટ્રનિર્માણ માટે જરૂરી મૂલ્યોને પુનઃજાગૃત કરી શકે છે, જેના આધાર પર દેશ સ્વતંત્ર થઈ શક્યો હતો. પોતાની કર્મઠતા, લગનશીલતા તથા સિદ્ધાંતપરકતા માટે સદાય વખાણવામાં આવેલ એમ.એન. બુચે આઠ વર્ષ પહેલાં જ સેવાનિવૃત્તિ લઈ લીધી હતી, કારણ કે તે રાજકીય દબાણમાં પોતાના નૈતિક મૂલ્યોથી હટવા તૈયાર ન હતા! દિલ્હી વિકાસ પ્રાધિકરણના મુખ્ય પદ પર રહેતાં ૧૯૭૮માં તેમણે જોયું કે ૯૨ ટકા ફાળવણી વિવેકાધીન/સરસાઈ કોટામાં આવે છે. તેમાં સામાન્ય વ્યક્તિ માટે ફક્ત આઠ ટકા બચે છે. તત્કાલીન વડાપ્રધાન મોરારજી દેસાઈને મળીને તેઓ તેમાં સંશોધન કરાવવામાં સફળ થયા. જેવું અપેક્ષિત હતું, વ્યવસ્થામાં લોકો નારાજ થયા. તેમણે તેનો અંજામ ભોગવવો પડ્યો! બુચના લેખોમાં કેટલાંક એવાં પ્રકરણોની ચર્ચા છે જે આજે પણ લોકોના અંતરમનને ઢંઢોળવાની ક્ષમતા ધરાવે છે. તે સ્પષ્ટ કરે છે કે મહાત્મા ગાંધીના સમયનાં મૂલ્યો કયા અનુપાતમાં ગાયબ થઈ ચૂક્યાં છે અને તેનાં દુષ્પરિણામ સામાન્ય વ્યક્તિ પર કેવી રીતે પડી રહ્યાં છે. કેન્દ્ર સરકારમાં મંત્રી તથા અસમના રાજ્યપાલ રહેલા સ્વતંત્રતા સેનાની શ્રી પ્રકાશ મહાત્મા ગાંધીના સાંનિધ્યમાં રહ્યા, દેશના દરેક મોટા નેતા સાથે તેમણે કાર્ય કર્યું. સેવાનિવૃત્તિ બાદ એક દિવસે તેમની પૌત્રીએ તેમને ઉદાસ જોઈને કારણ પૂછ્યું. તેમણે મુંબઈથી મદ્રાસ જવાનું હતું, પરંતુ રેલવેની ટિકિટ ઉપલબ્ધ ન હતી. તેમની પૌત્રીએ તેમને ટિકિટ લાવી આપી. દાદાજીએ પૂછ્યું તો તેણે કહ્યું કે કોઈ એજન્ટને પચાસ રૂપ્યા અલગથી આપ્યા એટલે કામ થઈ ગયું! દાદાજીએ એ ટિકિટ સ્વીકાર ન કરી, તેમણે કહ્યું કે તેઓ ગાંધીના દેશમાં પેદા થયા છે, તેઓ આવી ટિકિટ પર કઈ રીતે યાત્રા કરી શકે? તેમની પૌત્રીએ વળતી દલીલ કરી કે હું પણ ગાંધીના દેશમાં પેદા થઈ છું. ત્યારે તેને દાદાજીએ જે ઉત્તર આપ્યો તે આપણી સામે આખું પરિદશ્ય ખુલ્લું કરી દે છેઃ 'બેટા, મારા ગાંધી હતા મોહનદાસ કરમચંદ ગાંધી અને તારાં ગાંધી છે ઈન્દિરા ગાંધી!' મહેશ બુચે ૧૯૬૭ બાદ આવેલ પરિવર્તનનું બહુ જ સચોટ વર્ણન અન્ય કેટલાંય પ્રકરણોમાં કર્યું છે. મંત્રીના સ્તર પર માનવીય સંવેદનાઓથી યુક્ત કર્તવ્યનિષ્ઠ આચરણની એક ઘટના અત્યંત મર્મસ્પર્શી છે. કાકા સાહેબ ગાડગીલ પંડિત નેહરુની સરકારમાં મંત્રી હતા. તેઓ મહાત્મા ગાંધી, નેહરુ, પટેલ જેવા નેતાઓના નજીકના સહયોગી રહ્યા હતા. એક વખત મુંબઈના પ્રવાસે તેમણે સીપીડબ્લ્યૂડીના કેટલાક કામોનું નિરીક્ષણ કર્યું. એ વિભાગના મુખ્ય અધિકારીએ તેમને પોતાના ઘર પર ભોજન માટે આમંત્રિત કર્યા. તેમણએ પોતાના સચિવને કહ્યું કે ચાંદીની થાળીઓમાં ભોજન પીરસવામાં આવ્યું હતું. આ અધિકારીના આચરણ અને ઈમાનદારીની તપાસ કરવામાં આવે! તેમના સજાગ સહયોગીએ જણાવ્યું હતું કે તે થાળીઓ તો એક અતિથિ ગૃહમાંથી મંગાવી હતી, અને એ નામ પણ એના પર કોતરેલું હતું. કાકા સાહેબને લાગ્યું કે તેમણે ખોટા અનુમાનના આધારે પણ એ અધિકારી વિશે ધારણા બનાવી. આ ભૂલના પ્રાયશ્ચિત માટે કાકા સાહેબે એ જ સમયે એ અધિકારીના ઘરે જઈને તેમની ક્ષમા માંગી.

આજે રાજનીતિના પટલ પર મહત્ત્વપૂર્ણ મનાતા કેટલાંક નામોની ચર્ચા અવશ્ય થાય છે કે તે ક્યાંથી ચાલ્યા હતા, ક્યાં સુધી પહોંચી ગયા! દેખીતું છે મહાત્મા ગાંધીને ભૂલાવી દેવાથી જ અપરિગ્રહની સંસ્કૃતિ સંગ્રહની ધારા બની ગઈ છે. સ્પષ્ટ છે કે મહાત્મા ગાંધીને ભૂલાવીને હરોળના અંતિમ છેડે ઊભેલા વ્યક્તિને તેના અધિકાર નહીં મળી શકે. ભારતમાં ગાંધીજી દ્વારા અપનાવવામાં આવેલ શાશ્વત મૂલ્યોની પુનઃસ્થાપના જ વિકલ્પ છે. સાથે જ એ સંભાવનાઓને પણ ચિહ્નિત કરે છે જે રાષ્ટ્રનિર્માણ માટે જરૂરી મૂલ્યોને પુનઃજાગૃત કરી શકે છે, જેના આધાર પર દેશ સ્વતંત્ર થઈ શક્યો હતો. પોતાની કર્મઠતા, લગનશીલતા તથા સિદ્ધાંતપરકતા માટે સદાય વખાણવામાં આવેલ એમ.એન. બુચે આઠ વર્ષ પહેલાં જ સેવાનિવૃત્તિ લઈ લીધી હતી, કારણ કે તે રાજકીય દબાણમાં પોતાના નૈતિક મૂલ્યોથી હટવા તૈયાર ન હતા! દિલ્હી વિકાસ પ્રાધિકરણના મુખ્ય પદ પર રહેતાં ૧૯૭૮માં તેમણે જોયું કે ૯૨ ટકા ફાળવણી વિવેકાધીન/સરસાઈ કોટામાં આવે છે. તેમાં સામાન્ય વ્યક્તિ માટે ફક્ત આઠ ટકા બચે છે.

# ચીન-પાકિસ્તાન ગઠબંધનનો તોડ



ભારતીય વિદેશમંત્રી સુબ્રહ્મણ્યમ જયશંકરની ચીનની સત્તાવાર યાત્રા નક્કી તો પહેલેથી જ હતી, પરંતુ એએ સંપન્ન એ સમયે થઈ છે, જ્યારે ભારત દ્વારા જમ્મુ-કાશ્મીરના સંદર્ભમાં ઉઠાવવામાં આવેલ નવા બંધારણીય પગલા પર દુનિયાભરની નજર છે. જયશંકર પહેલાં પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશી તાબડતોબ ચીનનો પ્રવાસ કરી ચૂક્યા હતા. તેઓ એ જ હેતુથી બેજિંગ ગયા હતા કે ચીનના નેતૃત્વથી ભારતની ફરિયાદ કરી શકે અને તેની પાસે યોગ્ય સહયોગ લઈ શકે, કારણ કે એક-બે ઈસ્લામિક દેશોને છોડીને પાકિસ્તાનની રાજદ્વારી પહેલ પર કોઈ રાષ્ટ્રએ ગંભીરતા નથી દેખાડી.

જયશંકર અને કુરેશીની યાત્રાઓના અલગ-અલગ હેતુ, મુદ્દા અને પરિણામ ભારત, પાકિસ્તાન અને ચીનની વૈશ્વિક સ્થિતિ દર્શાવે છે. ચીન ખુદને હવે એક વૈશ્વિક મહાશક્તિ રૂપે જુએ છે અને એમ માને છે કે તેની તુલના ફક્ત અમેરિકા સાથે જ થઈ શકે છે. તે ભારતને બેશક ખુદથી કમતર સમજે છે, પરંતુ વૈશ્વિક મંચો પર ભારતની વધતી હેસિયતને નજરઅંદાજ પણ નથી કરી શકતું. તે જાણે છે કે દક્ષિણ એશિયામાં જ નહીં, હિંદ-પ્રશાંત ક્ષેત્ર, પશ્ચિમ એશિયા અને દુનિયાના અન્ય તમામ હિસ્સામાં ભારતે એક મોટું સ્થાન હાંસલ કર્યું છે.

જયશંકરની આ યાત્રાનો મૂળ ઉદ્દેશ્ય હતો, ભારત અને ચીનના દ્વિપક્ષીય સંબંધો અને વિશ્વની બદલાતી વ્યૂહાત્મક તથા રાજકીય સ્થિતિ પર ચર્ચા કરવી અને ઓક્ટોબરમાં થનારી ચીની રાષ્ટ્રપતિ જિનપિંગની ભારત યાત્રાની તૈયારીને રૂપ આપવું. આ યાત્રા દરમ્યાન એસ.જયશંકરે ચીનના નેતૃત્વને જણાવ્યું કે ભારત અને ચીનના સંબંધોમાં ઉલ્લેખનીય પ્રગતિ તો થઈ છે, પરંતુ સીમા પર શાંતિ જાળવી રાખવી બહુ જરૂરી છે. વાસ્તવમાં ડોકલામ વિવાદ બાદ ચીન બખૂબી જાણે છે કે આજનું ભારત ૧૯૬૨ના ભારતથી બહુ જુદું છે. એવામાં, તે ભલે સીમા પર દબાણ બનાવવાની કોશિશ કરે, પરંતુ તેને પણ ખબર છે કે ભારતીય સેના તેના ઈરાદાને નિષ્ફળ કરવાની પૂરતી ક્ષમતા ધરાવે છે. જયશંકરે પોતાની આ યાત્રામાં એ સ્પષ્ટ કર્યું કે ચીન સાથે ભારત આર્થિક અને વ્યાપારિક સંબંધ વધારવા તો માંગે છે, પરંતુ તેને પોતાના હિતોની રક્ષા પણ કરવી પડશે. તેથી વિપરીત, ચીને અત્યાર સુધી એવું કોઈ પગલું નથી ભર્યું, જેનાથી ભારતને વાસ્તવિક સંતોષ થઈ શકે. ભારતે હંમેશાં ચીનને એ જ કહ્યું છે કે બંને દેશોના સંબંધો ત્યારે જ મજબૂત થઈ શકશે, જ્યારે બંને દેશ એકબીજાના હિતોને સમજશે અને એવું કોઈ પગલું ભરતાં બચશે, જેનાથી દ્વિપક્ષીય હિતોને કોઈ નુક્સાન પહોંચે.

પરંતુ ચીને ન માત્ર આ સલાહની અવગણના કરી, બલ્કે ભારતને એ સલાહ પણ આપી કે તે પોતાની પડોશમાં એવું કોઈ પગલું ન ઉઠાવે, જેનાથી અન્ય દેશોના હિતોને નુક્સાન પહોંચે કે તેમની ભાવનાઓ ઘવાય. ગત સોમવારે જ ચીનના એક મુખ્ય અખબાર ગ્લોબલ ટાઈમ્સે, જેને ચીન સરકારનું મુકપત્ર પણ કહેવામાં આવે છે, તેણે પોતાના સંપાદકીયમાં લખ્યું કે એક રાષ્ટ્રવાદી ભારતનું કોઈ ભવિષ્ય નથી. એશિયાનું સામાન્ય ભૂરાજકીય સ્વરૂપ એવા ભારતને ક્યારેય સ્વીકાર નહીં કરે. તે મૈત્રીપૂર્ણ મુખ્ય શક્તિ બને, ત્યારે જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ હશે.

સ્પષ્ટ છે કે આ ભારતના આંતરિક બાબતમાં દખલ છે. ભારતનું રાજકીય, સામાજિક અને આર્થિક સ્વરૂપ કેવું હશે, એ નક્કી કરવાનો અધિકાર ભારતની જનતાને છે. ભારતની જનતાએ હંમેશાં રાષ્ટ્રવાદી સરકારને પસંદ કરી છે, પરંતુ રાષ્ટ્રવાદની તુલના આક્રમકતા સાથે કરવી ખોટું છે. જો ભારત પોતાના હિતોની રક્ષા કરે છે અને તેમને પ્રોત્સાહિત કરે છે, તો તેનાથી કોઈ બીજા દેશને શું નુક્સાન થાય? ચીનની મંશા ભારતને એક 'પેસિવ' રાષ્ટ્ર, એટલે કે અપેક્ષાકૃત ઓછો સક્રિય દેશ બનાવવાની છે, જ્યારે તે ખુદ ન માત્ર ઝડપી પગલાંથી આગળ વધી રહ્યો છે, બલ્કે પોતાના પડોશી કે ઉપ-મહાદ્વીપના અન્ય દેશોના હિતોને પણ નજરઅંદાજ કરી રહ્યો છે. ચીન તો આંતરરાષ્ટ્રીય કાયદા માનવાનો પણ ઈનકાર કરે છે, જેનું જ્વલંત ઉદાહરણ દક્ષિણ ચીન સાગરનું સત્ય છે. જયશંકરની યાત્રા દરમ્યાન ચીને ભારત દ્વારા કરવામાં આવેલ બંધારણીય બદલાવનો ઉલ્લેખ કર્યો, જે આપણને ચકિત નથી કરતો. એવું એટલા માટે, કારણ કે આપણે ન ભલવું જોઈએ કે જમ્મુ-કાશ્મીર વિવાદનું એક ભાગીદાર ચીન પણ છે. માર્ચ, ૧૯૬૩માં પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરની કેટલીક જમીન ચીનને સોંપી દીધી હતી, જોકે અસલિયતમાં તે ભારતનો જ હિસ્સો છે. સંસદમાં પોતાના વક્તવ્યમાં ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું કે પાક અધિકૃત કાશ્મીરની સાથે સાથે અક્સાઇ ચિન (ચીનને અધીન હિસ્સો)ને પણ ભારત પોતાની ભૂમિ માને છે. એ જ રીતે, લદ્દાખની હેસિયતમાં બદલાવનો જ્યારે ચીને વિરોધ કર્યો હતો, તો વિદેશ મંત્રીએ સાફ-સાફ કહ્યું કે આ ભારતનો આંતરિક મામલો છે અને તેનાથી સીમા વિવાદ પર કોઈ અસર નથી પડતી. જયશંકરે એ પણ સ્પષ્ટ કર્યું કે ભારત સીમા વિવાદને શાંતિપૂર્વક ઉકેલવા માંગે છે. એકંદરે, ફક્ત એક યાત્રાથી એ આશા રાખવી કે પાકિસ્તાનની સાથે પોતાના સંબંધોમાં ચીન બદલાવ લાવશે, આપણી નાદાની ગણાશે. ચીન માટે પાકિસ્તાનનું વ્યૂહાત્મક સંબંધ છે. તેથી આવનારાં વર્ષોમાં ચીન-પાકિસ્તાન ગઠબંધન વિરુદ્ધ આપણે મજબૂતીથી તૈયાર રહેવું પડશે. કૂટનીતિક રીતે ભલે પાકિસ્તાનની વધુ મદદ ચીન ન કરી શકે, પરંતુ તે પાકિસ્તાનની સૈન્ય અને આર્થિક શક્તિ વધારવામાં સહાયતા ચોક્કસ કરશે. હવે આપણે એ જ દૃષ્ટિએ પોતાની વિદેશ નીતિ ઘડવી જોઈએ અને પોતાના હિતોની રક્ષા માટે દરેક શક્ય પગલાં ઉઠાવવાં જોઈએ.

## રૂપીક દ્વારા બર્ટેલ્સમેન ઈન્ડિયાના નેતૃત્વ હેઠળ ૩૦ મિલિયન ડોલરની ઘોષણા

અમદાવાદઃ Gold ઈન્વેસ્ટમેન્ટ રોકાણો અને હાલના રોકાણકારો એક્સલ અને સિક્યોઈયા ઈન્ડિયા ભારતના ટ્રિલિયન ડોલરનાં નિષ્ક્રિય સોનાને મોનેટાઈઝ કરશે

(India, 12 August 2019) —રૂપીકે હાલના રોકાણકારો એક્સેલ અને સિક્યોઈયા ઈન્ડિયાની સાથે બર્ટેલ્સમેન ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટના નેતૃત્વ હેઠળ ૩૦ મિલિયન ડોલરનાં ફંડિંગની ખુશીપૂર્વક ઘોષણા કરી છે. આ ફંડિંગ બે તબક્કામાં કરાશે જેનો ઉપયોગ પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને માર્કેટ એક્સાપન્શનમાં થશે. રૂપીક હાલમાં ૧૫૦ મિલિયન ડોલરથી વધુના વાર્ષિક રન રેટ સાથે ગોલ્ડ લોન્સ ડિસ્બર્સ કરે છે અને તે પ્રતિ માસ ૨૦ ટકાના દરે વધે છે. ભારતમાં ઓર્ગેનાઈઝ્ડ ગોલ્ડ લોન ડિસ્બર્સલ અંદાજે પ્રતિવર્ષ ૯૦ બિલિયન ડોલરની રહી હતી.

ભારત હાલમાં ૨૭૦૦૦ ટન સોનું ૧ ટ્રિલિયન ડોલરથી વધુની કિંમતનું છે. અસંગઠિત માર્કેટ સંગઠિત ગોલ્ડ લોન માર્કેટના કદથી ત્રણ ગણું વધારે છે. (૧૩-૫)

## ઓરેન્જના સ્વાદ સાથે તહેવારોની સિઝનને શણગારવા માટે રેડ બુલ ઈન્ડિયાએ ફેસ્ટીવલ એડિશન લોન્ચ કરી




અમદાવાદઃ રેડ બુલ ઈન્ડિયા લિમીટેડ ફેસ્ટીવલ એડિશન રજૂ કરવા જઇ રહ્યું છે જે આગામી તહેવારની સિઝનના ઉત્સાહમાં વધારો કરી શકે છે. ફેસ્ટીવલ એડિશન નારંગી (ઓરેંજ)ના રિફ્રેશીંગ સ્વાદ સાથે આવે છે જે તેને વ્યસ્ત સમયમાં પીવાનું પીણુ બનાવે છે જેથી તમે ચાર્જ રહી શકો અને તમે જ્યારે તહેવાર માણી રહ્યા હોય તે આનંદમાં વધારો કરી શકે.

વધુમાં તહેવારની સિઝનની ઉજવણીમાં મનગમતા એનર્જી ડ્રીક માંધાતા કંપનીએ એક લલચાવતી સ્પર્ધા #SpotTheCans નું સર્જન કર્યું છે. ગ્રાહકો https://spotthecan.redbull.com/ પર ક્લિક કરી શકે છે અને છુપાયેલા ૪ રેડ બુલ ફેસ્ટીવલ કેન્સ શોધી શકે છે જે આર્ટવર્કના આકર્ષક પીસમાં છે. તે મળી જવા પર, જે તે વ્યકિત નજીકના રિલાયન્સ ફ્રેશ અને રિલાયન્સ સ્માર્ટમાં જઈને તેને રિડીમ કરી શકે છે. (૨૨-૧)

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank
ICICI Bank Limited

**રજીસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ, લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા - ૩૯૦૦૦૭
**કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.
**બ્રાન્ચ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લી., ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં.૧ પ્લોટ નં.- બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર- ૪૦૦૬૦૪.

આથી સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ ઇનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારો/નું નામ / લોન એકાઉન્ટ નંબર | મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | ઓમપ્રકાશ છોટેલાલ અગ્રવાલ/કૌશલ્યાદેવી ઓમપ્રકાશ અગ્રવાલ/અનુપ ઓમપ્રકાશ અગ્રવાલ/રીતુ અનુપકુમાર અગ્રવાલ/અમિત ઓમપ્રકાશ અગ્રવાલ/ઉષા અમિતકુમાર અગ્રવાલ/ઓમપ્રકાશ સી અગ્રવાલ એચયુએફ/અનુપ ઓ અગ્રવાલ એચયુએફ/ અમિત ઓમપ્રકાશ અગ્રવાલ એચયુએફ- LBSUR00003476904 | પ્લોટ નં.ઓ-૭૦, ટીકમનગર કો-ઓપ- હાઉસિંગસોસાયટી લી./ફાયનલ પ્લોટ નં. ૮/બી/૧ અને ૮/બી/૨ ઓફ ટી.પી.એસ નં.-૪, રેવ સર્વે નં. ૩૫/૧/એ અને ૩૫/૧/બી, સિટી સર્વે નં. ૨૩૨૩/૧૫૫, રાજમહેલ સિનેમા પાસે, લમ્બે હનુમાન રોડ, બોમ્બે માર્કેટ, નવાગામ, ચૌર્યાસી, સુરત- ૩૯૫૦૧૦/૧૩ ઓગષ્ટ, ૨૦૧૯. | ૨૦ મે, ૨૦૧૯ રૂા. ૪૭,૧૯,૨૦૬.૦૦/- | સુરત |
| ૨. | ઓમપ્રકાશ છોટેલાલ અગ્રવાલ/કૌશલ્યાદેવી ઓમપ્રકાશ અગ્રવાલ/અનુપ ઓમપ્રકાશ અગ્રવાલ/રીતુ અનુપકુમાર અગ્રવાલ/અમિત ઓમપ્રકાશ અગ્રવાલ/ઉષા અમિતકુમાર અગ્રવાલ/ઓમપ્રકાશ સી અગ્રવાલ એચયુએફ/અનુપ ઓ અગ્રવાલ એચયુએફ/ અમિત ઓમપ્રકાશ અગ્રવાલ એચયુએફ- LBSUR00002281879 | પ્લોટ નં.ઓ-૭૦, ટીકમનગર કો-ઓપ- હાઉસિંગસોસાયટી લી./ફાયનલ પ્લોટ નં. ૮/બી/૧ અને ૮/બી/૨ ઓફ ટી.પી.એસ નં.-૪, રેવ સર્વે નં. ૩૫/૧/એ અને ૩૫/૧/બી, સિટી સર્વે નં. ૨૩૨૩/૧૫૫, રાજમહેલ સિનેમા પાસે, લમ્બે હનુમાન રોડ, બોમ્બે માર્કેટ, નવાગામ, ચૌર્યાસી, સુરત- ૩૯૫૦૧૦/ ૧૩ ઓગષ્ટ, ૨૦૧૯. | ૨૦ મે, ૨૦૧૯ રૂા. ૬૧,૩૩,૨૧૩.૦૦/- | સુરત |
| ૩. | ઓમપ્રકાશ છોટેલાલ અગ્રવાલ/કૌશલ્યાદેવી ઓમપ્રકાશ અગ્રવાલ/અનુપ ઓમપ્રકાશ અગ્રવાલ/રીતુ અનુપકુમાર અગ્રવાલ/અમિત ઓમપ્રકાશ અગ્રવાલ/ઉષા અમિતકુમાર અગ્રવાલ/ઓમપ્રકાશ સી અગ્રવાલ એચયુએફ/અનુપ ઓ અગ્રવાલ એચયુએફ/ - LBSUR00002088204 | પ્લોટ નં.ઓ-૭૦, ટીકમનગર કો-ઓપ- હાઉસિંગસોસાયટી લી./ફાયનલ પ્લોટ નં. ૮/બી/૧ અને ૮/બી/૨ ઓફ ટી.પી.એસ નં.-૪, રેવ સર્વે નં. ૩૫/૧/એ અને ૩૫/૧/બી, સિટી સર્વે નં. ૨૩૨૩/૧૫૫, રાજમહેલ સિનેમા પાસે, લમ્બે હનુમાન રોડ, બોમ્બે માર્કેટ, નવાગામ, ચૌર્યાસી, સુરત- ૩૯૫૦૧૦/ ૧૩ ઓગષ્ટ, ૨૦૧૯. | ૨૦ મે, ૨૦૧૯ રૂા. ૬૬,૯૨,૮૯૦.૦૦/- | સુરત |
| ૪. | ઓમપ્રકાશ છોટેલાલ અગ્રવાલ/કૌશલ્યાદેવી ઓમપ્રકાશ અગ્રવાલ/અનુપ ઓમપ્રકાશ અગ્રવાલ/રીતુ અનુપકુમાર અગ્રવાલ/અમિત ઓમપ્રકાશ અગ્રવાલ/ઉષા અમિતકુમાર અગ્રવાલ/ઓમપ્રકાશ સી અગ્રવાલ એચયુએફ/અનુપ ઓ અગ્રવાલ એચયુએફ/ અમિત ઓમપ્રકાશ અગ્રવાલ એચયુએફ/ - LBSUR00002838485 | પ્લોટ નં.ઓ-૭૦, ટીકમનગર કો-ઓપ- હાઉસિંગસોસાયટી લી./ફાયનલ પ્લોટ નં. ૮/બી/૧ અને ૮/બી/૨ ઓફ ટી.પી.એસ નં.-૪, રેવ સર્વે નં. ૩૫/૧/એ અને ૩૫/૧/બી, સિટી સર્વે નં. ૨૩૨૩/૧૫૫, રાજમહેલ સિનેમા પાસે, લમ્બે હનુમાન રોડ, બોમ્બે માર્કેટ, નવાગામ, ચૌર્યાસી, સુરત- ૩૯૫૦૧૦/ ૧૩ ઓગષ્ટ, ૨૦૧૯. | ૨૦ મે, ૨૦૧૯ રૂા. ૬૭,૭૩,૪૭૪.૦૦/- | સુરત |
| ૫. | ઈશ્વરભાઈ એમ. ધોલા અને હર્ષાબેન ઈશ્વરભાઈ ધોલા- LBSUR00002086230/ LBSUR00003957509 | ફ્લેટ નં. ઈ-૫૦૩, ૫મો માળ, આર.એસ. નં.૨૭/૨, ૨૮ અને ૩૦/૨, ટી.પી.એસ નં. ૨૬ એફપી નં. ૩૧, શુકન હાઈટ્સ બિલ્ડિંગ-ઈ, કંથારીયા હનુમાન મંદિર સામે, સિંગનપોર, સુરત- ૩૯૫૦૦૪/૧૩ ઓગષ્ટ, ૨૦૧૯. | ૨૩ મે, ૨૦૧૯ રૂા. ૪૦,૫૯,૮૮૨.૦૦/- | સુરત |
| ૬. | વિપુલભાઈ બી. ઝખાનીયા અને ચેતનાબેન વિપુલભાઈ ઝખાનીયા- LBSUR00002179998 | એ- ૪૦૨, ૪થો માળ, વાત્સલ્ય વિલા, છપરા ભાટા પાસે, અમરોલી, ૧૩૬૧/૨, સુરત- ૩૯૫૦૦૪ ૧૩ ઓગષ્ટ, ૨૦૧૯ | ૨૮માર્ચ, ૨૦૧૯ રૂા. ૧૧,૩૮૦૮૮.૦૦/- | સુરત |
| ૭. | અમુલખભાઈ એસ સોનાણી અને વિરલ અમુલખભાઈ સોનાણી- LBSUR00003042993 | ફ્લેટ નં.સી/૧૩૦૨, ૧૩મો માળ, શુકન સ્કાય બિલ્ડિં.નં. સી, આર.એસ. નં.૧૩૪/ઓ, એફપી નં. ૧૩૯, ટીપીએસ નં. ૨૬, પ્લેટિનમ પાર્ક સામે , ડભોલી રોડ, મૌજે સિંગનપોર, તાલુકા ચૌર્યાસી, સુરત- ૩૯૫૦૦૬/ ૧૩ ઓગષ્ટ, ૨૦૧૯. | ૨૪ મે, ૨૦૧૯ રૂા. ૬,૩૦,૧૨૧/- | સુરત |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૧૭-૦૮-૨૦૧૯
સ્થળ : સુરત

સહી/-
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

# ગુજરાત સાયન્સ સીટી ખાતે ડૉ. વિક્રમ સારાભાઈની શતાબ્દી જન્મજયંતિ ઉજવણીનો પ્રારંભ



અમદાવાદ: ડૉ. વિક્રમ સારાભાઈએ એટોમિક એન્ડ સ્પેસ સાયન્સ ને પ્રોત્સાહન આપ્યું હતું પરંતુ તેનો સમાજના સામાજિક આર્થિક ઉત્થાન વિકાસ માટે ઉપયોગ કરવાની હિમાયત કરી હતી એમ આરએમ પંડ્યાએ જણાવ્યું હતું. ઈસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક પંડ્યા આજે સાયન્સ સીટિ ખાતે ડૉ. વિક્રમ સારાભાઈની શતાબ્દી જન્મજયંતિ ઉજવણી પ્રસંગે સંબોધન આપી રહ્યા હતા.

ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામના પિતામહ એવા ડૉ. સારાભાઈનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ના રોજ અમદાવાદમાં થયો હતો. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગર અને ગુજરાત સાયન્સ સીટિ ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ ઉજવણીમાં ૨૦૦થી વધુ એન્જિનીયરીંગ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

"જો ન્યુક્લિયર અને આઉટર સ્પેસ ટેકનોલોજીનો શાંતિપૂર્ણ હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી પૃથ્વી પર સ્વર્ગ રચાય. પરંતુ જો તેનો બીજી રીતે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી ઉથલપાથલ અને ભયાનકતા સર્જાઇ શકે છે" એમ પંડ્યાએ ડૉ, સારાભાઈના વિખ્યાત શબ્દોને યાદ કરતા જણાવ્યું હતું.

પંડ્યા કે જેઓએ આ મહાન વ્યક્તિ સાથે કામ કર્યું હતું તેમણે જણાવ્યું હતું કે ડૉ. સારાભાઈએ હંમેશા ભારતના વિકાસ માટે નવીન આઈડીયાઓનું અનુસરણ કર્યું હતં અને પ્રોત્સાહન આપ્યું હતું. ડૉ. વિક્રમ સારાભાઈ પોતાના ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો), ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ) અને અનેક વૈજ્ઞાનિકો કે જેઓ પણ મહાન બન્યા હતા તેમને માર્ગદર્શન આપવાના અથાગ પ્રયત્નો માટે ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામના પિતામહ બન્યા હતા. -

# શહેરનું પ્રદૂષણ અને આંખોનું સ્વાસ્થ્ય

અમદાવાદ: શહેરોમાં હવાનું પ્રદૂષણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષોમાં આઉટડોર પ્રદૂષણમાં સતત વૃદ્ધિ થઇ છે. ગરમી શરૂ થવાની સાથે જ પ્રદૂષક તત્વો અને નુક્શાનકારક ગેસ સાથેની ગરમ હવા ચાલે છે. અભ્યાસમાં સામે આવ્યું છે કે શહેરોમાં હવાની ક્વોલિટી એટલી ખરાબ છે, જે એક દિવસમાં ૪૦ સિગારેટ પીવા બરાબર છે. તેમાં હવા પ્રદૂષણ મુખ્ય ફાળો આપે છે, જેના કારણે આંખોની દ્રષ્ટિ પણ ખરાબ થાય છે. વિભિન્ન વય જૂથમાં દ્રષ્ટિની સમસ્યાઓના ૫ મુખ્ય કારણોમાંથી એક કારણ પ્રદૂષણ છે.

ગ્લોબલ વૉર્મિંગનું પર્યાવરણ પર ખરાબ અસર પડી રહી છે અને એર ક્વોલિટી ઈંડેક્સ અત્યાર સુધીના સૌથી નીચલા સ્તર પર છે, આ માટે આપણી સામાન્ય તંદુરસ્તી અને સ્વાસ્થ્યની ખાસકરીને ગરમીમાં વધુ સંભાળની જરૂરિયાત છે. જો કે આપણે જે ખાવા કે પીવાનો સામનો લઇએ છીએ, તેમાં ભેળસેળ એક સામાન્ય વાત બની ગઇ છે, પરંતુ આપણે એ નક્કી કરી શકીયે છીએ કે આપણે શું અને કેટલું ખાવુ છે. પરંતુ શ્વાસ લેવા માટે હવાની ક્વોલિટી નક્કી કરવા માટે આપણી પાસે કોઈ વિકલ્પ નથી. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પ્રમાણે આઉટડોર હવાના પ્રદૂષણમાં રહેવાના કારણે દર વર્ષે ૪૨ લાખ મૃત્યુ નોંધાય છે.

પર્યાવરણના પ્રદૂષણના કારણે થતી શ્વાસની બીમારી અને નબળી પ્રતિરોધક તંત્ર સૌથી મોટી સમસ્યાઓ છે તથા આંખોને થનારૂ નુક્શાન બીજી સૌથી મોટી સમસ્યા છે. કોરિયા જેવા દેશોમાં સાબિત થઇ ચૂક્યુ છે કે ક્રમશ: ભેજ અને ઓઝોનના ઘટવા અને ઉચા સ્તર ડ્રાઈ આઈ સિંડ્રોમના કારણે છે. આ પ્રકારે જ્યારે હવાનું પ્રદૂષણ વધુ છે, તો આંખોથી સંક્રમણનું જોખમ વધી જાય છે. શોધથી સાબિત થઇ ચૂક્યુ છે કે ડ્રાઈ આઈથી પીડિત વ્યક્તિની આંખોની ઑક્યુલર સપાટી પર પાર્ટિકુલેટ મૈટર સામાન્ય આંખોની સરખામણીએ સંક્રમણોથી વધુ શિકાર થઇ શકે છે. (૧-૭)

# ગુજરાત સાયન્સ સિટી ખાતે સાયન્સ ઓલમ્પીયાડ પર ઓરિએન્ટેશન પ્રોગ્રામનો આવતીકાલથી પ્રારંભ

અમદાવાદ: ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ દ્વારા નેશનલ એન્ડ ઈન્ટરનેશનલ સાયન્સ ઓલમ્પીયાડ પરના એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે જેનો પ્રારંભ આવતીકાલથી થશે. બ્રેઈનસ્ટ્રોમ'ગ પ્રોગ્રામ ૧૭-૨૧ ઓગસ્ટ દરમિયાન યોજાશે. વિષય નિષ્ણાતો ગુજરાત સાયન્સ સિટી કેમ્પસ ખાતે સત્રો હાથ ધરશે.

મેથેમેટિક્સ (૧૭ ઓગસ્ટ), કેમિસ્ટ્રી(૧૮ ઓગસ્ટ), બાયોલોજી (૧૯ ઓગસ્ટ), ફિઝીક્સ અને એસ્ટ્રોનોમી (૨૦ઓગસ્ટ) અને અર્થ/ જુનિયર સાયન્સ (૨૧ ઓગસ્ટ) ઓલમ્પીયાડ યોજાશે.

પાંચ દિવસના જ્ઞાન કાર્નીવલની




ડિઝાઇન ૯થી ૧૨ વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવી છે. તેમાં બે કેટેગરીનો સમાવેશ થાય છે – ૧) મેથેમેટિક્સ, ફિઝીક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી ૧૧માં અને ૧૨માં ધોરણના વિદ્યાર્થીઓઓ માટે અને ૨) અર્થ સાયન્સ અને જુનિયર સાયન્સ નવમાં અને દસમા ધોરણના વિદ્યાર્થીઓ માટે.

વિદ્યાર્થીઓ પોતાની પસંદ મુજબ વિષય પસંદગી કરી શકશે અને પોતાના નામ રજીસ્ટર કરાવી શકશે. અગ્રણી યુનિવર્સિટીઓ અને ઈન્સ્ટિટ્યુટના વિષય નિષ્ણાતો સત્ર હાથ ધરશે. -

# ભારતના સૌરપુરુષે સાબરમતી આશ્રમ ખાતે ગાંધી ગ્લોબલ સોલાર યાત્રાની પૂર્ણાહુતિ કરી



અમદાવાદ: ડિસેમ્બર ૨૦૧૮માં ઐતિહાસિક સાબરમતી આશ્રમમાંથી ગાંધી ગ્લોબલ સોલાર યાત્રા (જીજીએસવાય) ભારતના સૌરપુરુષ આઈઆઈટી બોમ્બેના પ્રોફેસર ચેતન સિંહ સોલંકીએ સ્વાતંત્ર્ય દિવસના રોજ પોતાની યાત્રાની પૂર્ણાહુતિ કરી હતી. જીજીએસવાય થકી તેમણે છેલ્લા ૭ મહિનામાં દુનિયાના ૩૦થી વધુ દેશ અને ભારતનાં ૫૦થી વધુ શહેરોમાં પ્રવાસ કર્યો છે, જે કોઈ પણ એક વ્યક્તિ દ્વારા હાથમાં લેવાયેલી ઐતિહાસિક પહેલમાંથી એક છે. આ યાત્રામાં તેમણે યુએલબી, બેલ્જિયમ, એમઆઈટી, બોસ્ટન, એલબીએનએલ જેવી પ્રતિષ્ઠિત વૈશ્વિક યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓમાં વક્તવ્ય પણ આપ્યું હતું.

પ્રો. સોલંકીએ ડિસેમ્બર ૨૦૧૮માં મહાત્મા ગાંધીજીના સાબરમતી આશ્રમથી જીજીએસવાયની પહેલ કરી હતી અને તેમણે સ્ટુડન્ટ્સ સોલાર એમ્બેસેડર વર્કશોપ હાથ ધરવા માટે ૧૦૧થી વધુ દેશોને આવરી લીધા હતા. આજ સુધી તેમણે આઠ લાખ વિદ્યાર્થીઓની નોંધણી કરી છે. હવે ૨ ઓક્ટોબર, ૨૦૧૯ના ભવ્ય વૈશ્વિક કાર્યક્રમ યોજાશે, જેમાં તેઓ ભેગા થશે. જીજીએસવાય દરમિયાન પ્રો. સોલંકીએ દુનિયાભરમાં ૧૫૧,૦૦૦ (એક લાખ એક્કાવન હજાર) કિલોમીટરનો પ્રવાસ કર્યો છે. (૧૯-૮)

# અમે સ્પષ્ટ નીતિથી સાચી દિશામાં ચાલી રહ્યા છીએ : મોદી

નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારના ૭૫ દિવસ પૂરા થતાં મંગળવારે કહ્યું છે કે, અમે સ્પષ્ટ નીતિ અને સાચી દિશામાં ચાલી રહ્યા છીએ. મોદીએ કહ્યું કે, સરકારે શરૂઆતના દિવસોમાં જ ખૂબ સરસ કામ કર્યું છે. સ્પષ્ટ નીતિ અને સાચી દિશાના કારણે જ અમે સારા પરિણામ મેળવી શક્યા છીએ. વડાપ્રધાને ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, અમારી સરકારના ૭૫ દિવસના કાર્યકાળમાં જ અમે ઘણું સારુ કામ કરી લીધું છે. બાળકોની સુરક્ષાથી લઈને ચંદ્રયાન-૨, ભ્રષ્ટાચાર વિરુદ્ધ કાર્યવાહીથી લઈને મુસ્લિમ મહિલાઓને ત્રણ તલાકના અભિશાપમાંથી મુક્ત કરાવવાની અને ખેડૂતોથી લઈને કાશ્મીર સુધી અમારી સરકારે કામ કરી બતાવ્યું છે કે, લોકોની સ્પષ્ટ બહુમતીના કારણે અમે ઈચ્છીત પરિણામ મેળવી શક્યા છીએ.

સૌથી મોટી સમસ્યાનો ઉકેલ લાવવા માટે પગલાં ઉઠાવ્યા: મોદી

મોદીએ કહ્યું- અમે હાલના સમયની સૌથી મોટી સમસ્યાનો ઉકેલ લાવવા માટે શરૂઆતથી જ ચોક્કલ પગલાં લીધા છે. અમે જળશક્તિ મિનિસ્ટ્રીનું પણ ગઠન કર્યું છે જેથી પાણીનો સપ્લાય અને જળ સંચયને વધારવા માટે મિશન તરીકે કામ કરી શકાય.

મોદીએ કહ્યું- સ્પષ્ટ બહુમતી મળ્યા પછી વિકાસના પગલાં લીધા મોદીએ કહ્યું- ગઈ વખત કરતાં વધારે બહુમતી મળતા ઝડપથી વિકાસના પગલાં લેવામાં આવ્યા છે. આ વિશે મોદીએ કહ્યું છે કે, એક રીતે કહી શકાય છે કે, આ ફરી સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનવાનું પરિણામ છે. અમે આ ૭૫ દિવસમાં જે કામ કર્યું છે તે મજબૂત આધારનું પરિણામ છે, જે ગયા ૫ વર્ષમાં અમે બનાવ્યો છે. પહેલુ સત્ર વધારે પ્રોડક્ટિવ રહ્યું- મોદી મોદીએ કહ્યું- ૧૯૫૨ પછી અમારી આ વખતની સરકારમાં સંસદનું પહેલુ સેશન સૌથી વધારે પ્રોડક્ટિવ રહ્યું છે. તેણે રેકોર્ડ બનાવ્યો છે.

# પેનાસોનિકે ગુજરાતના માર્કેટમાં હોમ એપ્લાયંસીસની નવી રેન્જ મુકી




અમદાવાદ: અગ્રણી વૈવિધ્યકૃત્ત કંપની પેનાસોનિકે આજે તહેવારોની સિઝન પૂર્વે પોતાના હોમ એપ્લાયંસીસના પ્રોડક્ટ વિસ્તરણની આજે જાહેરાત કરી છે. વોશિંગ મશિન, ફૈરીજરેટર અને માઈક્રોવેવને સમાવતી આ નવી રેન્જમાં નવીન અદ્યતન ટેકનોલોજીનો સમાવેશ થાય છે જે સમકાલીન ઉપભોક્તાઓની રોજિંદી જરૂરિયાતને સંતોષે છે. નવા મોડેલ્સના લોન્ચ સાથે પેનાસોનિક ૨૦૧૯-૨૦માં ગુજરાતના માર્કેટમાંથી૩૭% વૃદ્ધિનો અંદાજ સેવે છે.

લોન્ચ અંગે સંબોધતા પેનાસોનિક ઇંડિયાના હોમ એપ્લાયંસીસના બિઝનેસ વડા શ્રી હર્ષલ સોમણે જણાવ્યું હતું કે "પેનાસોનિક પોતાના ગ્રાહકોને સંશોધન અને ટેકનોલોજીમાં શ્રેષ્ઠતા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. ચાલુ વર્ષે અમારી પોતાની ટેકનોલોજી અમારા ગ્રાહકોના ઘરમાં લાવવાના હેતુથી અમારી હોમ એપ્લાયંસીસની રેન્જ વિસ્તારી રહ્યા છીએ. નવી રેન્જને અમારા ગ્રાહકોની સુંગમતા અને સરળતા ધ્યાનમાં રાખીને અને કેટલીક અતુલ્ય ટેકનોલોજીઓ પણ ધરાવે છે જેથી ડિઝાઇન કરવામાં આવી છે. કેટલીક અતુલ્ય ટેકનોલોજીઓ સરળ યૂઝર અનુભવ પૂરો પાડે છે. અમારી નવી રેન્જ દ્વારા અમે એ વાતની ખાતરી કરવા માગીએ છીએ કે અમારી પ્રોડક્ટ્સ વધુ સારું જીવન અને વધુ સારી દુનિયાનું સર્જન કરવાના સિદ્ધાંત પર ઊભી છે.." (૮)

# ગુજરાત સાયન્સસિટી ખાતે ૫૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા



અમદાવાદ: ગુજરાત સાયન્સસિટી એ ૭૩માં સ્વતંત્રતા દિનની વિશિષ્ટ રીતે શરૂઆત કરી છે. સીઆરએ ટેકનિક (ક્લાઈમેટ રિસાયલન્ટ એગ્રીકલ્ચર-વોટર કંઝવ'ગ રુટ ઝોન ઈગિગેશન ટેકનિક) નો ઉપયોગ કરીને ૧૦ જાતના વિવિધ વૃક્ષો સ્વતંત્રતા દિન નિમીત્તે કેમ્પસમાં વાવવામાં આવ્યા હતા.

નવીનતમ સીઆરએ ટેકનિક તામિલનાડુના આઈએએસ અમલદાર ડૉ. કોર્લાપતિ સત્યપાલ દ્વારા વિકસાવવામાં આવી છે.

"અમે પીપળ અને લીમડા સહિતના ૫૦૦ જેટલા છોડ વાવ્યા છે, જે ચોવીસે કલાક ઓક્સીજન પૂરો પાડે છે. સ્વતંત્રતા દિન નિમીત્તે એક હરિયાળા અને સ્વચ્છ સમાજ તરફનું અમારુ એક નાનું યોગદાન છે. અમે અત્યંત સફળ એવી સીઆરએ ટેકનિકનો ઉપયોગ કરીએ છીએ. આ ટેકનિક દ્વારા વૃક્ષો વધુ ઉગે છે" એમ ગુજરાત સાયન્સસિટી ના એડમિનીસ્ટ્રેટિવ ઓફિસર એન.માતંગકુમારે જણાવ્યું હતું. -

# પુમાએ ટોચની સ્પ્રીન્ટર અને ભારતીય રાષ્ટ્રીય ચેમ્પિયન દૂતી ચાંદને સાઈન કરી

અમદાવાદ: વૈશ્વિક સ્પોર્ટસ કંપની પુમાએ ભારતનાં પ્રોફેશનલ સ્પ્રીન્ટર અને રાષ્ટ્રીય ચેમ્પિયન દૂતી ચાંદને સાઈન કરી છે. દૂતી ચાંદનું એક પ્રથમ એક્સ્કલુસિવ બ્રાન્ડ એસોસિએશન છે. આ સાથે જ દૂતીએ પુમા એથ્લેટીસની પ્રભાવક લીગમાં પ્રવેશ કર્યો છે. આ યુવા સ્પ્રીન્ટર હવે જરૂરિયાત પ્રમાણે તૈયાર થયેલા પરફોર્મન્સ ગિયરથી સજ્જ થઈને પોતાનો પ્રત્યેક દિવસે વધુને વધુ ઝડપી, મજબૂત અને વધારે સારા થવાનો પ્રયાસ કરશે.

માત્ર ૨૩ વર્ષની વયે દૂતીએ ભારતનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રમતમાં પ્રતિનિધિત્વ કરીને ઘણા વિક્રમો પ્રસ્થાપિત કર્યા છે. સમર ઓલ્મિપિક્સમાં ૧૦૦ મીટર ઈવેન્ટમાં ક્વોલિફાય થનારી દૂતી ચાંદ ત્રીજી ભારતીય મહિલા છે. વર્લ્ડ યુનિવર્શાર્ડ ગેમ્સમાં ૧૦૦ મીટર ઈવેન્ટમાં ગોલ્ડ મેળવનારી તે પ્રથમ ભારતીય મહિલા છે. તેણે માત્ર ૧૧.૩૨ સેકન્ડસમાં આ રેસ પુરી કરી હતી.

દૂતી ચાંદે આ પ્રસંગે જણાવ્યું હતું કે,



'આ મારું પ્રથમ એક્સ્કલુસિવ બ્રાન્ડ એસોસિએશન છે. (૨૨-૧)

# યામહાએ કંપનીની વૈશ્વિક વિશેષજ્ઞતાને સ્થાનિક બજારમાં રજુ કર્યા

અમદાવાદ: ઈન્ડીયા યામહા મોટર (આઈવાઈએમ) પ્રાઈવેટ લિમિટેડ એકસાઈટમેન્ટ, સ્ટાઈલ અને સ્પોર્ટીનેસ દ્વારા ગ્રાહકોને ટુ-વ્હીલર વાહનનો અનોખો અનુભવ આપવા માટે પ્રતિબદ્ધ છે. ૨૦૧૮ માં કંપની મોટરસાયકલ અને સ્કૂટરના પ્રીમિયમ સેગમેન્ટમાં તેના બજાર હિસ્સાને વધારે મુજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. તે સાથે, ભારતમાં કંપનીના વિકાસને વધારે ગતિ આપવા માટે યામાહાએ ટેકનોલોજી દ્દષ્ટિએ ઈનોવેટિવ મોબિલિટી સોલ્યુશનક્ષેત્રે કંપનીની વૈશ્વિક વિશેષજ્ઞતાને સ્થાનિક બજારમાં રજુ કર્યા છે, જે પર્યાવરણની દષ્ટિએ શ્રેષ્ઠ છે.

એક જવાબદાર નિર્માતા તરીકે યામાહા હંમેશા પર્યાવરણ અને તેના ગ્રાહકોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. યામાહાની ટીમ કંપનીની આ પ્રતિબદ્ધતાઓને પૂરી કરવા માટે યુદ્ધસ્તર પર કામ કરી છે અને આશા છે કે બીએસ-૬ માનકોવાળા યામાહાના મોટર સાયકલ અને સ્કૂટર એપ્રિલ ૨૦૨૦ ની નિર્ધારિત તારીખ આગાઉ બજારમાં આવી જશે. (૧૩-૫)

# ભાન્ડુથી દારૂ ભરેલી કારનો પીછો કરી છઠીયારડા પાસેથી ઝડપી લીધી

મહેસાણા, મહેસાણા એલસીબીએ બાતમીના આધારે મહેસાણા-ઊંઝા હાઈવે પર ભાન્ડુ પાસેથી એક કારનો પિછો કરી છઠિયારડા પાસેથી ઝડપી લીધી હતી. કારમાંથી ૭૦૮ બોટલ વિદેશી દારૂ મળી આવતાં કુલ રૂ.૨.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. મહેસાણા એસપી અને એલસીબી પીઆઈની સૂચનાથી પીએસઆઈ આર.જી.ચૌધરી, એએસઆઇ રમેશજી, રહેમતુલ્લાખાન, જહીરખાન, હેડ કોન્સ્ટેબલ ચતુરજી, મનોહરસિહ, કોન્સ્ટેબલ અબ્દુલગફાર વગેરે સ્ટાફ મહેસાણા-ઊંઝા હાઈવે પર નાકાબંધીમાં હતા. દરમિયાન એએસઆઇ જહીરખાનને બાતમી મળી હતી કે, મળેલ કે એક સફેદ કલરની ઈન્-૧૪-હ્ઢ-૨૪૯ નંબરની ઈટોસ કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી પાલનપુરથી મહેસાણા તરફ આવે છે. જેથી પોલીસે વોચ ગોઠવીને ભાન્ડુ ગામેથી આ નંબરની ગાડીનો પીછો કર્યો હતો. પોલીસે છઠિયારડા-ગોરાદ રોડ પર બ્લોક કરીને ગાડીને ઝડપી લીધી હતી.

ગાડીનો ચાલક દેવડા વિક્રમસિહ ઉર્ફે જીતુસિહ રાવતસિહ (રહે.પાંસવાળ, તા.દાંતીવાડા, જિ.બનાસકાંઠા) તથા મીણા (જારેડા) કૌશલ મનસુખલાલ (રહે.ગુડલી, તા.નાદોતી.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

**Unison Metals Limited**
Registered office - Vatva, Ahmedabad
Website - www.unisongroup.net, Email: unisonmetals@gmail.com - ,Telephone - +91-07925841512
STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2019

(Rs. in lacs except for EPS)

| SN | Particulars | Standalone Quarter Ended | | | Year Ended | Consolidated Quarter Ended | | | Year Ended |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 30th June 2019 | 30th June 2018 | 31st March 2019 | 31st March 2019 | 30th June 2019 | 30th June 2018 | 31st March 2019 | 31st March 2019 |
| | | (unaudited) | (unaudited) | (unaudited) | (audited) | (unaudited) | (unaudited) | (unaudited) | (audited) |
| 1 | Total Income from operations ( Net ) | 1,536.27 | 1,496.49 | 2,112.53 | 6,544.53 | 3,978.88 | 3,131.66 | 4,547.32 | 14,946.16 |
| 2 | Net Profit/ ( Loss ) for the period ( before tax Exceptional and/ or Extraordinary items ) | -19.89 | 15.92 | 163.56 | 84.75 | -96.54 | 65.23 | 341.78 | 65.98 |
| 3 | Net Profit/ ( Loss ) for the period before tax (after Exceptional and/ or Extraordinary items ) | -19.89 | 15.92 | 163.56 | 84.75 | -96.54 | 65.23 | 341.78 | 65.98 |
| 4 | Net Profit/ ( Loss ) for the period after tax (after Exceptional and/ or Extraordinary items ) | -32.24 | 11.22 | 119.24 | 47.64 | -80.22 | 47.44 | 260.59 | 13.92 |
| 5 | Total Comprehensive income for the period (comprising profit /(loss) for the period after tax and other comprehensive income (after tax)) | 10.34 | 11.38 | 249.14 | 178.03 | -37.78 | 47.48 | 390.37 | 143.81 |
| 6 | Equity Share Capital ( Face Value Rs.10/- per shares ) | 320.42 | 320.42 | 320.42 | 320.42 | 320.42 | 320.42 | 320.42 | 320.42 |
| 7 | Reserves ( excluding Revaluation Reserves as per balance sheet of previous accounting year ) | - | - | - | 1,164.51 | - | - | - | 1,836.63 |
| 8 | Earnings Per Share ( EPS ) | | | | | | | | |
| (a) | Basic EPS before and after Extraordinary items for the period ( not annualized ) in Rs.10 Per Share | 0.22 | 0.35 | 3.72 | 1.49 | -2.50 | 1.48 | 8.13 | 0.43 |
| (b) | Diluted EPS before and after Extraordinary items for the period ( not annualized ) in Rs.10 Per Share | 0.22 | 0.35 | 3.72 | 1.49 | -2.50 | 1.48 | 8.13 | 0.43 |

1. The above Unaudited standalone and consolidated Financial results have been taken on record by the Board of Directors on August 14, 2019 after a review by Audit Committee and Limited Review by Statutory Auditors of the company
2. The Statement has been prepared in accordance with the Indian Accounting Standards(Ind As) prescribe under section 133 OF Companies Act 2013 Accounting Standards Rule ,2015(as amended).The statutory auditors of the company have carried out limited riview of the financial results for the quarter ended June 30,2019
3. Ind AS 116'lease',mandatory for reporting periods beginning on or after April 1,2019,replaces exiting revenue recognition requirements.Under the modified restrospective approch,there were no significant adjustments required to the retained earnings as at Aprin 1,2019. The addoption of the standard did not have any inpact on the financial results.
4. In line with Ind As-108 operating segments and basis of the review of operations being done by the senior management,the operations of the group falll under steel segment business which is considered to be only reportable segment by the management.
5 Previous period/year figures have been reclassified,as considered necessary,to confirm with current period presentation,where applicable.
6 EPS is not annualized for the quarter ended June,30 2019,Quarter ended June 30,2018 and Quarter ended March 31,2019 and for the year ended March 31, 2019.
7 Financial Results of a subsidiary for the corresponding quarter ended 30th June 2018 and quarter ended March 31 2019 are based on the information complied by the management of the company after making necessary adjustments as per Ind As and have not been subjected to limited review or audit.
8 These quarterly results include the finacial results of wholly owned subsidiary named "Chandanpani Private Limited" wherein the accounts of Universal Metal Company Limited are merged on the bases of the order of amalgamation passed by the National Company Law Tribunal(NCLT),which came in to effect from July12,2019.As per the Scheme of Amalgamation the Appointed date is April 01,2018 and consequently ,the Account are merged with effect from 01.04.2018.The method of accounting used to merge the accounts is pooling of interest method as prescribed by Ind As 103-Business Combinations, as both the entities are under common Control.
9 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with Bombay Stock Exchange and Ahmedabad Stock Exchange under Regulation 33 of the SEBI ( Listing and Other Disclosure Requirements ) Regulations, 2015. The full format of the quarterly financial results are available on the Stock Exchange websites www.bseindia.com as well as on company's website www.unisongroup.net

For and on behalf of Board of Directors
FOR UNISON METALS LTD
sd/-
(MAHESH CHANGRANI)
Whole Time Director

Place : Ahmedabad.
Date : 14th August, 2019

**PARAS PETROFILS LIMITED**
CIN: L17110GJ1991PLC015254
Add: 1st Floor, Dhamanwala Complex, Opp. Apple Hospital Khatodara Road, Udhana, Surat -395002, Gujarat Ph.:+91-9825568096
Email Id: finance@paraspetrofils.com, Website: www.paraspetrofils.co.in
EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2019
(Regulation 47(1) (b) of the SEBI (LODR) Regulations, 2015)

(Amt. in lakhs)

| Particulars | Current Quarter ended | Year ended | Corresponding 3 month ended in the previous Year |
|---|---|---|---|
| | 30.06.2019 | 31.03.2019 | 30.06.2018 |
| | (Unaudited) | (Audited) | (Unaudited) |
| Total income from operations | - | 7.34 | - |
| Other Income | 26.34 | 118.75 | 40.29 |
| Net Profit/(loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 19.30 | 56.55 | 31.14 |
| Net Profit / (Loss) for the period before Tax(after Exceptional and/or Extraordinary items) | 19.30 | 56.55 | 31.14 |
| Net Profit/(loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 14.47 | 56.55 | 21.52 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 14.47 | 56.55 | 21.52 |
| Equity Share Capital | 3342.21 | 3342.21 | 3342.21 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of previous year) | - | - | - |
| Earnings Per Share (of Rs. 10/- each) for continuing and discontinued operations)- 1. Basic | 0.00 | 0.02 | 0.01 |
| 2. Diluted | 0.00 | 0.02 | 0.01 |

Note:
The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Website of the Stock Exchange www.nseindia.com, www.bseindia.com & www.cse-india.com/ and on the website of the Company at www.paraspetrofils.co.in.

For Paras Petrofils Limited
Sd/-
Deepak Vaidya
(Whole Time Director)
DIN: 08201304

Date: 14/08/2019
Place: Surat

**ISHAAN INFRASTRUCRUES AND SHELTERS LIMITED**
(CIN:L45300GJ1995PLC027912)
( Regd. Off:-G.F. 1, Shagun Complex, 93, Swastik Society Opp. Fairdeal House, Navarangpura Ahmedabad GJ IN 380009 , Gujarat)
E-mail: ishaaninfra9@gmail.com website:www.ishaaninfra.com
Contact No: 079-26440803

Extract of Un-Audited Financial Results for the Quarter ended 30th June, 2019
(Amt in Lakh)

| Particulars | Quarter Ended | | Year ended |
|---|---|---|---|
| | 30-06-2019 | 30-06-2018 | 31-03-2019 |
| | (Unaudited) | (Unaudited) | (audited) |
| Total income from operations (net) | 4.59 | 349.74 | 598.65 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 4.60 | 17.10 | 30.58 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 4.60 | 17.10 | 30.58 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 2.16 | 15.59 | 22.63 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 2.16 | 15.59 | 22.63 |
| Equity Share Capital | 647.46 | 647.46 | 647.46 |
| Earnings Per Share (of ` Rs.10/- each)(for continuing and discontinued operations) | | | |
| Basic : | 0.03 | 0.24 | 0.35 |
| Diluted: | 0.03 | 0.24 | 0.35 |

Notes :
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the the website of the Company (www.shreemetalloys.com) and on the website of BSE Ltd (www.bseindia.com)
2. The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in"accounting policies shall be disclosed by means of a footnote.""
3. Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules /"AS Rules, whichever is applicable."

For and on behalf of Board
For, ISHAAN INFRASTRUCTURES AND SHELTERS LIMITED
Sd/-
MAHESHKUMAR BHOGILAL SOMANI
Director (DIN:07058835)

Date: 14/08/2019
Place: Ahmedabad



અમદાવાદમાં હાલમાં ભારે વરસાદ બાદ મચ્છરોનો ઉપદ્રવ વધી જતાં એએમસી દ્વારા ફોગિંગ પ્રક્રિયા હાથ ધરાઈ છે.

## નર્મદા ડેમની જળસપાટી ૧૩૨.૦૨ મીટરે પહોંચી

અમદાવાદ, સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસમાંથી સતત પાણીની આવક થઈ રહી છે. ઉપરવાસમાંથી હાલ ૮૯,૫૮૪ ક્યુસેક પાણીની આવક છે. જેને પગલે નર્મદા ડેમની જળ સપાટી ૧૩૨.૦૨ મીટર ઉપર પહોંચી ગઈ છે. હાલ નર્મદા ડેમના ૭ ગેટ ખોલવામાં આવ્યા છે. જેથી નર્મદા નદીમાં ૧,૧૭,૫૧૯ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમ ભરાવાથી સરકારી તંત્ર એકબાજુ ચિંતામુકત બન્યુ છે તો બીજીબાજુ, રાજયભરના ખેડૂતોમાં પણ ખુશીની લાગણી છવાઈ ગઈ છે. નર્મદા ડેમમાંથી સતત છોડવામાં આવી રહેલા પાણીને કારણે નર્મદા નદી છેલ્લા સાત દિવસથી બે કાંઠે વહી રહી છે. નર્મદા ડેમના આરબીપીએચનાં ૧૨૦૦ મેગાવોટના ૬ યુનિટ ચાલુ છે જેથી રોજની અંદાજિત ૬ કરોડ રૂપિયાનું વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. નર્મદા ડેમથી ૧૨ કિ.મી. દૂર ૩૦૦ કરોડના ખર્ચે એક વિયર ડેમ કમ કોઝ વે બનાવવામાં આવ્યો છે.

### રાષ્ટ્રીય પ્રવાહમાં જમ્મુ કાશ્મીર જોડાઈ ગયું છે

# કાશ્મીર અંતે કલમ ૩૭૦ની હથકડીમાંથી આઝાદ થયું છે

અમદાવાદ, ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ મીડિયાના મિત્રોને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ભાજપા પ્રદેશ મહામંત્રીઓ તથા મુખ્ય અગ્રણીઓની પ્રદેશકક્ષાની બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપાના સંગઠન પર્વ અંતર્ગત આગામી કાર્યક્રમોની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ભાજપાના સંગઠન પર્વ-૨૦૧૯ ના સદસ્યતા વૃધ્ધિ અભિયાન અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રાષ્ટ્રપ્રથમની વિચારધારા અને વિકાસલક્ષી રાજનીતિથી પ્રેરાઈને જનસેવાના ભાવથી દરેક ક્ષેત્ર, દરેક વર્ગ તથા દરેક સમાજના લોકો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ રહ્યા છે ત્યારે ઓગષ્ટના અંત સુધી આ અભિયાન ચાલુ રહેશે. સાથે સાથે સક્રિય સભ્ય બનાવવાના કાર્યો પણ ચાલુ રહેશે. જેમાં સક્રિય સભ્ય બનવા માટે કાર્યકર્તાએ ૨૫ પ્રાથમિક સદસ્યો બનાવવાના રહેશે. પંડ્યાએ જણાવ્યુ હતુ કે, સંગઠન પર્વ-સદસ્યતા વૃધ્ધિ અભિયાન અંતર્ગત ભાજપાના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા આપવામાં આવેલ સમયપત્રક અંગે અને આગામી કાર્યક્રમો અંગે આજની બેઠકમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઓગષ્ટ મહિનાના અંત સુધીમાં પ્રાથમિક સભ્યો તથા સક્રિય સભ્યો બનાવવાના રહેશે. તે અંતર્ગત આગામી સપ્ટેમ્બર મહિનામાં કેન્દ્રની સૂચના મુજબ તાલુકા/મંડલ સ્તરે પ્રમુખ સહિત મંડલ સમિતિ/બૂથ સમિતિની રચના કરવામાં આવશે. ત્યારબાદ આગામી ઓક્ટોબર મહિનામાં જીલ્લા પ્રમુખ અને જીલ્લા સમિતિની રચના કરવામાં આવશે અને આગામી નવેમ્બર મહિનામાં પ્રદેશ અધ્યક્ષ અને પ્રદેશ સમિતિની રચના કરવામાં આવશે. પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, પ્રદેશના ચૂંટણી અધિકારી તરીકે પ્રદેશ મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ અને સહચૂંટણી અધિકારી તરીકે સાંસદ મોહન કુંડારીયાની નિયુક્તિ કરવામાં આવી છે ત્યારે, આગામી સમયમાં જીલ્લાસઃ ચૂંટણી અધિકારી તેમજ સહચૂંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવશે. આવતીકાલે ૧૫મી ઓગષ્ટના રોજ સ્વતંત્રતા દિવસ નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી તેમના વરદ્હસ્તે ધ્વજવંદન કરશે, આ પ્રસંગે ભાજપા સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા સહિત ભાજપા પ્રદેશ મહામંત્રીઓ, પ્રદેશ અગ્રણીઓ તથા કાર્યકરો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ૧૫મી ઓગષ્ટના રોજ ગુજરાતના તમામ જીલ્લા ભાજપા કાર્યાલય ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. ૭૦ વર્ષ પછી કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટાવવાના નિર્ણય અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા ગૃહ મંત્રી અમિત શાહના નેતૃત્વ હેઠળની ભાજપાની કેન્દ્ર સરકારે જનહિત અને દેશહિતમાં જે ઐતિહાસિક નિર્ણય લીધો છે તે અંગેનો અભિનંદન પ્રસ્તાવ સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓમાં પસાર કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવી છે. પંડ્યાએ જણાવ્યુ હતુ કે, મોદી-શાહની જોડીએ કાશ્મીરને કલમ-૩૭૦ની હથકડીમાંથી મુક્ત કરાવ્યું છે ત્યારે હવે કાશ્મીર પણ સંપૂર્ણપણે રાષ્ટ્રીયપ્રવાહ અને વિકાસના પ્રવાહમાં જોડાવા જઈ રહ્યું છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની સરકારે આ ઐતિહાસિક નિર્ણય લઈ સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીનું સ્વપ્ન સાકાર કરી દેશની એકતા-અંડિતતાને વધુ મજબૂત બનાવી છે.

# વાહનોમાં નકલી HSRP નંબર પ્લેટ લગાવવાનું કૌભાંડ ઝડપાયું, વેપારી સહિત બેની ધરપકડ



અમદાવાદ, રામોલ પોલીસે વાહનોમાં નકલી HSRP નંબર પ્લેટ લગાવવાનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. પોલીસે ૪૨ જેટલી નકલી નંબર પ્લેટ સાથે એક શખ્સને ઝડપ્યો હતો, જેની પૂછપરછ બાદ પેઈન્ટર બી ગજ્જર નામની દુકાનમાં રેડ કરી ૧૦ નંબર પ્લેટ મળી હતી. પોલીસે બંનેની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે આગામી ૩૧ ઓગસ્ટ સુધીમાં તમામ વાહનોમાં HSRP નંબર પ્લેટ લગાવી દેવી ફરજિયાત છે. જેનો ફાયદો ઉઠાવી કેટલાક વેપારીઓ પૈસા કમાવા નકલી HSRP નંબર પ્લેટ વાહનોમાં લગાવી દે છે. રામોલ પોલીસે બાતમીના આધારે વસ્ત્રાલ ચાર રસ્તા પાસેથી કિરણ ગલ્સર (રહે. રાણીપ)ની ધરપકડ કરી હતી. તેની પાસેથી ૪૨ HSRP નંબરપ્લેટ મળી આવી હતી, જે બાબતે પૂછપરછ કરતાં તે આ નંબર પ્લેટ પેઈન્ટર બી ગજ્જર નામની દુકાનમાં આપે છે. પોલીસે દુકાનમાં જઈ તપાસ કરતા વધુ ૧૦ નંબર પ્લેટ મળી આવી હતી. પોલીસે આ મામલે RTO અધિકારીને બોલાવી તપાસ કરાવતા અમુક નંબર પ્લેટમાં બ્લ્યુ કલરથી IND લખ્યું ન હતું. એક પણ નંબર પ્લેટમાં આઈડેન્ટિટીફિકેશન કોડ નથી, અશોક ચક્ર પણ નથી તેમજ પાછળના ભાગે બારકોડ સ્ટિકર પણ નથી. જેથી પોલીસે કિરણ ગલ્સર અને દુકાન માલિક ભીખાભાઈ ગજ્જરની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. પોલીસે બંનેની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે આગામી ૩૧ ઓગસ્ટ સુધીમાં તમામ વાહનોમાં HSRP નંબર પ્લેટ લગાવી દેવી ફરજિયાત છે.

# આદિવાસી વિસ્તારોમાં વધુ સૈનિક સ્કુલ બનશે : રૂપાણી

અમદાવાદ, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અનહદ આનંદની લાગણી વ્યકત કરતાં જણાવ્યું કે ૩૭૦ની કલમ અને ૩૫/એ ની નાબૂદીથી હવે સાચા અર્થમાં ભારતનો ભાગ બનેલા કાશ્મીર સાથે સમગ્ર દેશ ૭૩મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા ગૃહ મંત્રી અમિત શાહને આ ઐતિહાસિક કદમ માટે અભિનંદન આપવાની સાથે તેમણે ગુજરાતના યુવાનોને નવી ચેતના અને સમગ્ર તાકાત સાથે દેશ નિર્માણમાં જોડાવા હાકલ કરી હતી. આદિવાસી યુવાનો ખૂબ ખડતલ અને મજબૂત હોય છે. તથા આદર્શ સૈનિક બનવાની ક્ષમતાઓ ધરાવે છે એવી લાગણી વ્યકત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે આદિવાસી યુવાનો ભારતીય સેનાને લાયક બને અને મોટી સંખ્યામાં સેનામાં જોડાય એની સરળતા કરી આપવા માટે રાજયના આદિવાસી ક્ષેત્રોમાં સૈનિક સ્કુલો બનાવવામાં આવશે. તેમણે જણાવ્યું કે રાજયના આદિવાસી જિલ્લાઓમાં મેડીકલ કોલેજો બનાવવાના નિર્ણયનો સરકાર સુપેરે અમલ કરી રહી છે અને બનાસકાંઠા, દાહોદ, તાપી, સુરત, વલસાડ જેવા જિલ્લાઓમાં મેડીકલ કોલેજીસની સ્થાપના કરવામાં આવી છે. રાજય સરકારે આદિવાસી સમુદાયને ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણનો લાભ મળે એના સમુચિત પ્રબંધો કર્યા છે જેના કારણે હવે તબીબો, ઈજનેરો જેવા તમામ ક્ષેત્રોમાં આદિવાસી અનામત બેઠકો ખાલી રહેતી નથી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કંડારેલી વિકાસની કેડી પર આગળ વધી રહયું છે. ગુજરાતના યુવાનોને દેશ નિર્માણમાં જોડવાનો રાજય સરકારનો સંકલ્પ છે. આજથી બે દાયકા પહેલા એક જમાનામાં ગુજરાતમાં માત્ર દશેક વિશ્વ વિદ્યાલયો હતા. આજે ૬૦ થી વધુ યુનિર્વસિટીઓ છે અને સ્પોર્ટસ, ફોરેન્સીક સાયન્સ, યોગ, પેટ્રોલીયમ, રેલ્વે જેવા વિશિષ્ટ ક્ષેત્રોનું શિક્ષણ આપતી યુનિર્વસિટીઓની રાજય સરકારે સ્થાપના કરી છે. જેના પગલે યુવા સમુદાય માટે રોજગારીની અનેકવિધ પ્રકારની તકોનું સર્જન થયું છે. રાજય સરકારે ગયા વર્ષે દોઢ લાખથી વધુ યુવાનોને સરકારી નોકરીઓ આપી છે અને ૩૩ ટકા મહિલા અનામતના કારણે મહિલા સમુદાયને પણ રોજગારી સમુચિત તકો ઉપલબ્ધ થઈ રહી છે

### નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની જાહેરાત

# ગ્રામ્ય સ્તરે તબીબી સેવાનો વ્યાપ વધારવા નિર્ણય થયો

અમદાવાદ, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજ્યના છેવાડાના માનવી સુધી ગુણવત્તાલક્ષી આરોગ્ય સારવાર પુરી પાડવા માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. તબીબી શિક્ષણ મેળવ્યા બાદ ગ્રામ્ય સ્તરે ડોક્ટરોએ ફરજીયાત ત્રણ વર્ષની સેવાઓ આપવાની થતી હતી તે ઘટાડીને હવેથી એક વર્ષની સેવાઓ ગ્રામ્ય સ્તરે આપવાની રહેશે જેની સાથે વિદ્યાર્થીઓએ ૫ લાખના બોન્ડ ઉપરાંત હવેથી ૧૫ લાખની વધારાની બેંક ગેરન્ટી આપવાની રહેશે. નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે, રાજ્યના પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર અને સરકારી હોસ્પિટલોમાં તબીબોની ઘટને પહોંચી વળવા માટે ધારાસભ્યઓ અને નાગરિકો દ્વારા મળેલ રજુઆતોને ધ્યાને લઈને આ મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્ય સરકાર સંચાલિત મેડીકલ કોલેજોમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવીને અભ્યાસ કરતાં હોય છે તેઓને ગામડામાં ત્રણ વર્ષની ફરજીયાત નોકરી અને ૫ લાખના બોન્ડ લેવામાં આવે છે તેમાં મહત્વનો સુધારો કરીને હવેથી તેઓની સેવાઓ ત્રણ વર્ષના બદલે એક વર્ષ સુધી લેવાશે અને ૫ લાખના બોન્ડની સાથે-સાથે ૧૫ લાખની બેંક ગેરન્ટી ૩૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર અલગથી આપવાની રહેશે. જે વિદ્યાર્થીઓને ડોક્ટર બન્યા બાદ ગ્રામ્ય સ્તરે એક વર્ષની સેવાઓ ન આપવી હોય તો તેઓએ ૨૦ લાખ રાજ્ય સરકારમાં ભરવાના રહેશે અને આ રકમ ભર્યા બાદ જ ગુજરાતમાં ખાનગી પ્રેક્ટીસ કરવા માટેનું પ્રમાણપત્ર મેડીકલ કાઉન્સીલ દ્વારા આપવામાં આવશે ત્યારબાદ જ તેઓ પ્રેક્ટીસ કરી શકશે. પટેલે ઉમેર્યુ કે, મેડીકલ બોન્ડમાં આ સુધારાઓ કરવાથી આવનારા સમયમાં રાજ્યમાં વ્યાપક પ્રમાણમાં તબીબો ઉપલબ્ધ થશે અને જે ઘટ છે તે ચોક્કસ ઓછી થશે.

# ઓલપાડ તાલુકાની વિવિધ સંસ્થાઓમાં દેશની આઝાદીના ૭૩ માં રાષ્ટ્રીય પર્વની ઉજવણી

બારડોલી, ઓલપાડ તાલુકાની વિવિધ શાળા,કોલેજો,સહકારી સંસ્થાઓ,સરકારી કચેરીઓ સહિત તાલુકા કક્ષાના ૭૩ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવતા ઓલપાડ પ્રાંત અધિકારી રાજેશ પટેલે લવાછા હાઈસ્કૂલમાં રાષ્ટ્રને સલામી આપી હતી.જયારે ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલે તાલુકાના કાંઠા વિસ્તારની મોર હાઈસ્કૂલમાં રાષ્ટ્રને આન,બાન,શાન સાથે સલામી આપી સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં પોતાના પ્રાણની આહુતિ આપનારા નામી-અનામી સૌ વીર શહીદ સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરી જણાવ્યું હતું કે,મહાત્મા ગાંધીએ દેશને આઝાદી અપાવી સરદાર વલ્લભભાઈ પટેલે અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું.જયારે આઝાદીના ૭૨ વર્ષ બાદ ગુજરાતના બીજા બે સપૂતો પૈકી દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી



અમિતભાઈ શાહે દેશમાં સાત-સાત દાયકાથી સળગતા કાશ્મીર સમસ્યાની કલમ ૩૭૦ એક ઝાટકે રદ કરીને પ્રશ્ન હલ કર્યો છે.આ ઐતિહાસિક નિર્ણયના પરિણામે કાશ્મીરથી લઈ કન્યાકુમારી સુધી એક ભારત-શ્રેષ્ઠ ભારતના મુંગટ સમાન કાશ્મીર સામે દુશ્મનો પણ આંખ ઉઠાવીને જોવાની હિંમત ક્યારેય કરી શકશે નહીં.આ પ્રસંગે તાલુકાના ઈસનપોર ગામના ખેડૂતપુત્ર નિર્મલ પટેલે વિદેશમાં યોગાક્ષેત્રે ગોલ્ડ મેડલ મેળવી તાલુકાનો ડંકો વધારતા તેનું સન્માન કરવામાં આવ્યું હતું.તેમણે વધુ જણાવ્યું કે તાલુકાના છેવાડાના માનવીનો વિકાસ અને પ્રજાના શિક્ષણ,આરોગ્ય,રસ્તા,પાણી જેવા પ્રાથમિક જરૂરિયાતના પ્રશ્નો મામલે હું સદા ચિંતિત છું.

જયારે સાંધીએરની બી.આર.પરમાર હાઈસ્કૂલમાં જહાંગીરપુરા કોટન મંડળીના નિવૃત મેનેજર કિરણ જી.મહેતાએ રાષ્ટ્રને સલામી આપી હતી.જયારે અમેરિકા રહેતા ગામના જમાઈ હિરેન કે.દેસાઈ તરફથી શાળાના ૧૮ ગરીબ બાળકોની શિક્ષણ ફીની સહાય કરવામાં આવી હતી.આ પ્રસંગે સુરતની લાયન્સ ક્લબ ઓફ મૈત્રીના જનરલ સેક્રટરી મહેન્દ્ર પ્રજાપતિ તરફથી શાળાના તમામ બાળકોને શ્યામ દેસાઈના હસ્તે શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું.જયારે સોંદામીઠા હળપતિ આશ્રમશાળામાં તાલુકા ભાજપ મહામંત્રી મનહર પટેલે(કદરામા),કીમ તપોવન હાઈસ્કૂલમાં ભાજપ પ્રમુખ બ્રિજેશ પટેલે,ઓલપાડ પોલીસ મથકમાં ઈનચાર્જ પીઆઈ એસ.ડી.ધોબીએ તેમજ તાલુકા પંચાયત,મામલતદાર, ન્યાયાલય,ટકારમા,ભાદોલ હાઈસ્કૂલ સહિત અનેક કચેરીઓમાં ધ્વજવંદન સમારોહ પ્રસંગે ત્રિરંગાને સલામી આપી સાંસ્કૃતિક,ઈનામ વિતરણ અને વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા હતા.

# માંડવીમાં સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે ત્રિરંગાને સલામી આપતા શહેરી ગૃહ નિર્માણ રાજયમંત્રી યોગેશ પટેલ

બારડોલી, ૭૩માં સ્વાતંત્ર્યપર્વની ઉજવણીના અવસરે રાજ્યના શહેરી ગૃહ નિર્માણ, નર્મદા વિભાગના રાજયમંત્રી યોગેશ પટેલે સૂરત જિલ્લાના માંડવી નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કરીને રાષ્ટ્રની અસ્મિતાના પ્રતિક સમા ત્રિરંગાને સલામી આપી હતી એક ભારત શ્રેષ્ઠ ભારતની પરિકલ્પનાને સાકાર કરવા ગુજરાત અગ્રેસર બન્યુ હોવાનું જણાવ્યું હતું. આ વેળાએ મંત્રીએ પોલીસ પરેડનું નિરક્ષણ કરી સલામી આપી હતી. તેમની સાથે જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલ તથા જિલ્લા પોલીસ વડા એ.એમ.મુનિયા જોડાયા હતા. સૂરત જિલ્લાકક્ષાની ૧૫મી ઓગષ્ટના સ્વાતંત્ર્યદિનની ઉજવણી માંડવી નગરપાલિકાના પટાંગણમાં દેશભક્તિસભર માહોલમાં ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. મંત્રીના હસ્તે તાલુકાના વિકાસના કાર્યો માટેનો રૂા.૨૫ લાખનો ચેક જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલને અર્પણ કરાયો હતો. કાર્યક્રમ બાદ મંત્રી અને મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું. મંત્રી પટેલે સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં પોતાના પ્રાણની આહુતિ આપનારા નામી અનામી સૌ વીર શહીદ સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરી જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીએ દેશને આઝાદી અપાવી જયારે સરદાર વલ્લભભાઈ પટેલે અખંડ ભારતનું નિર્માણ કર્યું. આજે ગુજરાતના બીજા બે સપૂત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહે સાત-સાત દાયકાથી સળગતા કાશ્મીર પ્રશ્નને કલમ ૩૭૦ રદ કરીને એક ઝાટકે હલ કર્યો છે.

**PUBLIC NOTICE**

NOTICE is hereby given that the below mentioned Sub Broker / Authorised Person is no longer affiliated as Sub Broker / Authorised Person of Kotak Securities Limited.

| Sub Broker/ Authorised Person Name | Trade Name | Exchange Registration Numbers of Sub Broker/ Authorised Person | Address of Sub Broker/ Authorised Person |
|---|---|---|---|
| LAGDHIRBHAI AMBABHAI PATEL | LAGDHIRBHAI AMBABHAI PATEL | NSE -AP0291098771<br>BSE - AP0106730180966 | Chaudharivas, Najupura Najupura Patan Patan 385340 |

Please note that above mention Sub Broker (SB)/Authorised Person (AP) is no longer associated with us. Any person henceforth dealing with above mention SB/AP should do so, at their own risk. Kotak Securities Ltd. shall not be liable for any such dealing. In case of any queries for the transactions till date, Investors are requested to inform Kotak Securities Ltd. within 15 days from the date of this notification, failing which it shall be deemed that there exists no queries against the above mentioned SB/AP.

kotak Kotak Securities — Kotak Securities Limited. Registered Office: 27 BKC, C 27, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai 400051. CIN: U99999MH1994PLC134051, Telephone No.: +22 43360000, Fax No.: +22 67132430. Website: www.kotak.com / www.kotaksecurities.com. Correspondence Address: Infinity IT Park, Bldg. No 21, Opp. Film City Road, A K Vaidya Marg, Malad (East), Mumbai 400097. Telephone No: 42856825. SEBI Registration No: INZ000200137 (Member of BSE, NSE, MSE, MCX & NCDEX), AMFI ARN 0164, PMS INP000000258, and Research Analyst INH000000586. NSDL/CDSL: IN-DP-NSDL-23-97.

**PUBLIC NOTICE**

NOTICE is hereby given that the below mentioned Sub Broker / Authorised Person is no longer affiliated as Sub Broker / Authorised Person of Kotak Securities Limited.

| Sub Broker/ Authorised Person Name | Trade Name | Exchange Registration Numbers of Sub Broker/ Authorised Person | Address of Sub Broker/ Authorised Person |
|---|---|---|---|
| SAGAR BHOLABHAI MALVIYA | SAGAR BHOLABHA I MALVIYA | NSE - AP0291097391<br>BSE - AP0106730178513<br>NCDEX - 119017<br>MCX - 123699 | B - 102, Shree Pujan Residency Near Sardar Chowk, Yogichowk Surat City Surat 395010. |

xPlease note that above mention Sub Broker (SB)/Authorised Person (AP) is no longer associated with us. Any person henceforth dealing with above mention SB/AP should do so, at their own risk. Kotak Securities Ltd. shall not be liable for any such dealing. In case of any queries for the transactions till date, Investors are requested to inform Kotak Securities Ltd. within 15 days from the date of this notification, failing which it shall be deemed that there exists no queries against the above mentioned SB/AP.

kotak Kotak Securities — Kotak Securities Limited. Registered Office: 27 BKC, C 27, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai 400051. CIN: U99999MH1994PLC134051, Telephone No.: +22 43360000, Fax No.: +22 67132430. Website: www.kotak.com / www.kotaksecurities.com. Correspondence Address: Infinity IT Park, Bldg. No 21, Opp. Film City Road, A K Vaidya Marg, Malad (East), Mumbai 400097. Telephone No: 42856825. SEBI Registration No: INZ000200137 (Member of BSE, NSE, MSE, MCX & NCDEX), AMFI ARN 0164, PMS INP000000258, and Research Analyst INH000000586. NSDL/CDSL: IN-DP-NSDL-23-97.

# રાજકોટના વોર્ડ નં. ૧૩માં ગટરના પાણી પીવાના પાણી સાથે ભળી ગયા !

રાજકોટ, રાજકોટમાં ગત અઠવાડીયામાં વરસેલા ભારે વરસાદ બાદ અનેક સ્થળો પર પાણી ભરાયા હતા તે હજી સુધી ઓસર્યા નથી જેમાં શહેરના વોર્ડ.૧૩માં આવતા ગીતાનગર,ખોડીયારપરા, આંબેડકરનગર,નવલનગર સહિતના વિસ્તરોમાં ગટરના પાણી રોડ ઉપર ફરી વળ્યાં છે અને પીવાના પાણી સાથે ભળી ગયા છે. ત્યારે લોકોની આ સમસ્યાને લઈને કોંગ્રેસના કોર્પોરેટર કહ્યું કે મેયર સહતિ શાસક પક્ષના નેતાઓએ કે પોતાની ઓફીસ છોડીને વિપક્ષને સાથે રાખીને ગ્રાઉન્ડ વર્ક કરવું જોઈએ જે નથી થતું કોંગ્રેસના વોર્ડ નં ૧૩ના કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરે લોકની સમસ્યા મુદ્દે કહ્યુંકે જનરલ બોર્ડમાં મેયર એવું કહે છે કે વિપક્ષ જનરલ બોર્ડ માં ખાલી હોબાળો કરવા આવે છે અને પાકિસ્તાની ભાષામાં વાત કરે છે ખરેખર જો રાજકોટમાં મેયર એક પણ વોર્ડમાં નીકળ્યા હોઈ અને ફોટો સેશન કરાવ્યું હોય એવું અમારી જાણમાં નથી એમની નૈતિક જવાબદારી છે કે શહેરના ૧૮ વોર્ડ માં ફરી વિપક્ષને સાથે રાખી સમસ્યાઓ દૂર કરવી જોઈ પરંતુ ઉલટા ચોર કોટવાલ ડાટે તેવો માહોલ છે અને સ્માર્ટ સીટીના સબ સલામતના દાવા પોકળ સાબીત થઈ રહ્યા છે. ત્યારે તંત્ર કયારં જાગશે અને લોકી સમસ્યાનો ક્યારે અંત આવશે તના પર પ્રશ્નો ઉભા છે.

## ૨૦ લાખની મર્યાદામાં ગ્રેજ્યુએટીની ચુકવણી

અમદાવાદ, રાજ્યના કર્મચારીઓ માટે વધુ એક નિર્ણય રાજ્ય સરકારે કરી તેમની ગ્રેજ્યુઈટીની મળવાપાત્ર રકમની મર્યાદામાં બમણો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કર્મચારીલક્ષી કરેલી જાહેરાત મુજબ બોર્ડ-નિગમ-કોર્પોરેશન સહિત સરકારી અધિકારી/કર્મચારીઓને આ લાભ મળવાપાત્ર થશે. પેન્શન અને ગ્રેજ્યુઈટી એક્ટ અંતર્ગત ભારત સરકારે સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને રૂપિયા ૧૦ લાખની મર્યાદામાં મળવાપાત્ર ગ્રેજ્યુઈટીની રકમમાં વધારો કરી રૂપિયા ૨૦ લાખની મર્યાદામાં ગ્રેજ્યુઈટી ચુકવવાનો નિર્ણય કર્યો છે.

# રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોના સથવારે કુકરમુંડા ખાતે યોજાયો તાપી જિલ્લાનો જિલ્લાકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ

બારડોલી, તાપી જિલ્લો એ ગુજરાતની પૂર્વિય સરહદનું પ્રવેશદ્વાર ગણાય છે. આ જિલ્લામાં આવેલી ઐતિહાસિક વિરાસત, અને રાજયના અન્ય વિસ્તારોથી અલગ પડતા લોકજીવને, તાપી જિલ્લાને નવી ઓળખ અપાવી છે, તેમ જણાવી રાજયના શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, તથા યાત્રાધામ વિકાસ વિભાગના મંત્રી દિલીપકુમાર ઠાકોરે કુદરતી વનસંપદા સાથે પૌરાણિક સ્થળો અને પર્યટન સ્થળોને કારણે પણ તાપી જિલ્લો આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચુક્યો છે તેમ જણાવ્યું હતું. પૂણ્યસલિલા તાપી નદીના બંન્ને કાંઠે વસેલા નવરચિત તાપી જિલ્લાના અમૂલ્ય વારસાના જતન સાથે, વિકાસના માર્ગે આગળ વધી રહેલા રાજય અને દેશના વિકાસમાં સૌ સાથે મળીને ફાળો આપીએ, તેમ જણાવતા મંત્રી શ્રી ઠાકોરે કુકરમુંડા અને તાપી જિલ્લાના પ્રજાજનોને સ્વાતંત્ર્ય પર્વ તથા રક્ષાબંધનના તહેવારની પણ શુભકામના પાઠવી હતી. કાશ્મિરમાંથી ૩૭૦ અને ૩૫એ જેવી કલમોને નેસ્તનાબૂદ કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રી અમીતભાઈ શાહની બેલડીએ એક ઐતિહાસિક નિર્ણય લઈને, એક ભારત-શ્રેષ્ઠ ભારતની બુનિયાદને વધુ મજબૂત કરી છે તેમ જણાવી મંત્રી દિલીપકુમાર ઠાકોરે ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પણ છેલ્લા ત્રણ વર્ષોમાં વધુ ૬૦૦ જેટલા પ્રજાલક્ષી નિર્ણયો લઈને, ગુજરાતને ફાસ્ટ ટ્રેક ઉપર લાવી દીધું છે તેમ જણાવ્યું હતું. પ્રજા કલ્યાણ માટે પ્રતિબદ્ધ વર્તમાન રાજય સરકાર, પ્રજાજનો માટે અનેકવિધ યોજનાઓનો અમલ કરીને, જ્યાં માનવી-ત્યાં સુવિધા આપવા માટે કટિબદ્ધ છે તેમ ઉમેયુ હતું. સલામત અને સુરક્ષિત ગુજરાતની વિભાવના સાથે વહિવટમાં પારદર્શિતા એ પણ રાજ્ય સરકારની પ્રાથમિક્તા છે તેમ જણાવતા મંત્રીએ, વંચિતોના વિકાસ માટે હંમેશા તત્પર રાજય સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓની પણ જાણકારી આપી હતી.